

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આજના નેતાઓમાં બૌધિક તત્વ ખૂટે છે,*
*'ગાંધીયુગના નેતા'ની - હવે છાપ છૂટે છે.*
*ફૂટે ભાંડો, યેનકેન 'નેતા' બની બેઠા નો -*
*'નેતા'ની પવિત્ર 'માનનીય' મૂર્તિ તૂટે છે!*
*(નેતૃત્વનું નીચું સ્તર)*

### હાઈકુ

*ભૂલતા નથી !*
*એ સાચવી રાખે છે -*
*બધું 'ધ્યાન'માં...*

*ભરાઈ ગઈ !*
*આધુનિક ભીડથી -*
*એકાંત ગૂફા!!*

### ચિંતન

**ધર્મો જ્ઞેયઃ સદાચારઃ ।**

**ઉપરોક્ત સૂત્ર દેવીપુરાણમાંથી લેવામાં આવેલ છે.**

**શ્રુતિ સ્મૃતિએ પ્રતિપાદન કરેલ સદાચાર એ જ ધર્મ છે. ધર્મ એ પાલન કરવાની વસ્તુ છે. આચરણ કરવાની વસ્તુ છે. ધર્મનું બાહ્ય આચરણ કે આડંબર એ ધર્મની હાંસી કહેવાય. માટે સનાતન ધર્મને જીવનમાં ઊતારવો.**

**સદ્વિચારનું મૂળ મન છે, જે ઉન્નત પ્રેરણાની અખંડ પરંપરા છે. સદ્વિચાર ઉપર પ્રાણબળનો અચૂક પ્રભાવ હોય જ છે. પ્રબળ સંકલ્પશક્તિ વાળો મનુષ્ય જેટલા બળથી પોતાના વિચારોને પ્રવર્તાવે છે, તેટલા પ્રમાણમાં તે વિચારોમાં તેના જીવનની શક્તિને અંશ એકત્ર થયેલો હોય છે. એક સદ્વિચાર અનેક ખોટા વિચારોને દૂર કરી શકે છે. સદ્વિચારનું મૂળ મન એ એક સારું અને માંજેલું દર્પણ છે. આપણે આપણા અંતરાત્માના અવાજને ભલે અનુસરીએ, પણ આપણા અંતરની સૂક્ષ્મશક્તિઓ, સુષુપ્તશક્તિઓ કે સદ્વિચારરૂપી તલવારને સમજ્યા વિના ગમે તેવી વાપરવી ન જોઈએ.**

### સુવિચાર

- મોહ આંખમાં દેખાય, ક્રોધ ચહેરા પર જણાય પરંતુ લોભ કયાંક પરખાતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- મને પૂરો વિશ્વાસ છે કે પર્વતોને પણ હું હલાવી શકું છું,
  છતાં જો મારામાં દાનની ભાવના નથી તો હું કંઈ નથી - **બાઈબલ**
- આવડત નમ્રતાના વસ્ત્રોમાં જ શોભે, અભિમાનના સુટ-બુટમાં નહિ - **એસ.એમ.એસ.**
- તમારા મુખમાંતી નીકળતા વચનોની કિંમત તમે જાતે જ સમજો,
  તો દુનિયા આપ મેળે જ તમારી કિંમત સમજી જશે - **પારિજાત પટેલ**
- પૈસા કમાવવા માટે બુદ્ધિની જરૂર પડતી હશે પણ
  એના સદ્પયોગ માટે તો સંસ્કાર જ જોઈએ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અપને ઘર કા દિયા કુછ યું જલાયા જાયે, કિ ઓરોં કે દર પે ભી ઈસકા ઉજાલા જાયે - **અહમદ મલેક**
- આજનું ઔષધ : ૬૦ ગ્રામ દિવસે, ૧૦૦ ગ્રામ શુદ્ધ મદમાં ભેળવીને રોજ સવાર-સાંજ એક-એક ચમચી ચાટી જવાથી દમમાં ફાયદો થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

તમે બીજા ઉપર જવાબદારી થોપ્યા કરો અને બીજા તમે કહો તેને કર્યા કરશે તો તેનું પરિણામ સારું નહીં આવે. થોડાક અવગુણો પણ હોય તો સારુ છે. જો પતિ આદર્શ હોય અને પત્નિ કુશળ હોય તો પત્નિ. કેવી રીતે પતિ ઉપર આધિપત્ય જમાવી શકશે? આથી જ ભલે તમારે કંઈ ખોટું કરવાનું ન હોય તો પણ કંઈક ખોટું કર્યા કરો કે જેથી પત્નિ તમારી ઉપર વર્ચસ્વ કરીને ખુશ રહી શકે. મિત્રએ મુલ્લા નસરુદ્દીનને પૂછ્યું, 'તમે આટલાં બધાં ઉદાસ કેમ દેખાઓ છો ?' મુલ્લાએ કહ્યું, 'મારી પત્ની આગ્રહ રાખે છે કે મારે જુગાર ન રમવો, ધુમ્રપાન ન કરવું, શરાબ ન પીવો. એ બધું હવે મેં બંધ કરી દીધું છે.' મિત્રએ પૂછ્યું, 'તો તો હવે તમારા પત્ની ખૂભ ખુશ રહેતા હશે ને ?' મુલ્લાએ જવાબ આપતા કહ્યું, 'અરે દોસ્ત, એ જ તો મુશ્કેલી છે. હવે એને ફરિયાદ કરવાનું કોઈ કારણ જ રહ્યું નથી તેથી તે ખૂબ નાખુશ છે, તે બોલવા માંગે છે, વઢવા માંગે છે, પણ કોઈ ફરિયાદ કરી શકતી નથી. હવે તે મને કોઈ બાબતમાં જવાબદાર ગણી શકે તેમ નથી. મને એમ હતું કે આ બદું હું છોડી દઈશ એટલે તે ખૂબ આનંદમાં આવી જશે. પણ તે તો પહેલાં કદી નહોતી તેટલી દુઃખી થઈ રહી છે.' પત્ની પાસે પતિ ઉપર જવાબદારી નાખવાનું કોઈ કારણ ન હોવાથી દુઃખી થઈ તેની પ્રતીતિ દોસ્તને પણ મુલ્લાએ કરાવી.

# બેદરકારીની આગ હવે કયાં સુધી ?

**તંત્રીસ્થાનેથી...**

સુરતના કોચીંગ કલાસમાં ભીષણ આગ ૨૧ નિર્દોષ બાળકોને ભરખી જતાં સમગ્ર ગુજરાત હિબકે ચડ્યું છે. તંત્રની બેદરકારીની આગમાં હોમાયેલ ગુજરાતની ઉજ્જવળ આવતીકાલના તેજસ્વી છાત્રોની નનામીઓ જયારે માર્ગો ઉપરથી પસાર થઈ ત્યારે સુરતમાં આંસુઓનું પૂર આવ્યું. ન કલ્પી શકાય - ન વર્ણવી શકાય, ન સમજી શકાય - ન સાંભળી શકાય તેવી આ દુર્ઘટનાથી ગુજરાત અને દેશ હચમચી ગયો છે. કયાં સુધી આ બધું સહન કરીશું !?

કયાં સુધી તંત્રની બેદરકારી નિર્દોષ જીવોને આગમાં ધકેલશે...!? ભ્રષ્ટાચારમાં ગળાડૂબ સત્તાધીશો નિયમોના પાલનમાં કયાં સુધી ઉણા ઉતરશે....!? કયાં સુધી રાજકીય આગેવાનો આંખ આડા કાન કરી ઠાલા આશ્વાસનો આપશે. અને કયાં સુધી પ્રજા તરીકે આપણે પણ રાજકારણીઓ અને સત્તાધીશોની પોકળ વાતોથી ભરમાઈ જઈશું. હવે હદ થાય છે... ખુબ લાચારી અનુભવી... ખુબ ભઈબાપા કર્યા.... અરજીઓ અને આજીજીઓ ઘણી થઈ...! ઠાલા આશ્વાસનોથી ખુબ સંતોષ માન્યો... હવે આ વિષચક્રને તોડવું પડશે...! નિયમોના નક્કર અમલ કરાવવાનો સમય આવી પહોંચ્યો છે.

માનવ સર્જિત દુર્ઘટના જયારે - જયારે બને છે ત્યારે ત્યારે નેતાઓ - અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને અસરગ્રસ્તોને સહાયોની જાહેરાત કરે, આશ્વાસનો આપે, તપાસના હુકમો કરે, કડકમાં કડક સજાના હુકમો કરે પરંતુ ચાર-પાંચ દિવસો બાદ બધુ વિસરાઈ જતું હોય છે અને પાછાં ઠેરના ઠેર...!! બધું રાબેતા મુજબ ગોઠવાઈ જતું હોય છે... ફરીથી હોટલો, હોસ્ટેલો, કોચીંગ કલાસો, હોસ્પિટલો, થિયેટરો એ જ ફાયર સિસ્ટમ વિના ધમધમતા થઈ જાય છે. આ વર્ષોનો ક્રમ છે, સમાજ અને સરકાર બધા જ આ રીતે ટેવાતા ગયા છે અને ટેવાઈ રહ્યા છે. એ વાતમાં ચોક્કસ દમ છે... પણ ના નહીં ચાલે હવે...! હવે કડક કામગીરી, નિયમોની ચુસ્ત અમલવારી કરવી જ પડશે. કોઈની પણ શૅહ શરમ કે રાજકીય લાગવગ ન ગણકારવા પ્રશાસન પ્રતિબ્ધ બનશે તો જ આવી દુર્ઘટનાઓમાં હોમાતા નિર્દોષ જીવોને બચાવી શકાશે. વહીવટી તંત ગઈ કાલે સાંજથી જે રીતે સફાળું જાગ્યું છે તેવું જાગતું રહે... તેવું ધમધમતું રહે... તો જ આવા કાળા શુક્રવારના ઓછાયા - પડછાયા ગુજરાતમાં પડતા નાથી શકાશે.

સુરતની ઘટના ઘણું બધું શીખવે છે. સમાજ અને શાસનની સેલ્ફી આ દુર્ઘટનાએ પ્રદર્શિત કરી છે. દેશનું સૌથી ઝડપથી વિકસનાર મહાનગરની આ સ્થિતિ જો હોય તો વિકાસની વ્યાખ્યા કયા મોઢે - કેવી રીતે કરવી એ પણ ચિંતાનો વિષય છે. સ્માર્ટ સિટીના રૂપકડા બિરૂડોથી વિકાસનો ઈતિશ્રી નથી. સમયસર હાઈડ્રોલીક ક્રેઈન ચાલુ ના થઈ શકે... ચાર ચાર કલાક સુધી ફાયર બ્રિગેડની સીડી ખુલી ના શકે. તો શું કરવાના આ સ્માર્ટ સિટીના બિરૂદોને...!? શું કરવા ગાવાની વિકાસની ગાથાઓ ..? શાસકો અને પ્રશાસકોને ગુજરાત કહે છે કે જે વિકાસ માનવ જીવને બચાવવામાં સમયસર પૂરક ના બને તે તેવો વિકાસ માત્ર પ્રવચનમાં જ શોભે...! ગુજરાતમાં ૨૪મી રાતથી લેવાયેલાં પગલાં સતત જળવાતા રહે તેવી ગુજરાતની લાગણી છે. ઠેર-ઠેર ચાલતી હાટડીઓને યોગ્ય નિયમોના દાયરામાં લાવીને નિયમિત કરવાની ગુજરાત સરકારની લાલ આંક કાયમી રહે. એ પણ ગુજરાત માંગે છે...! મુખ્યમંત્રીની કડક સૂચનાઓના અમલને આવકારીએ... વહીવટીય તંત્રના કોઈ પણ સ્તરે બેદરકારી રાખનાર સામે દાખલારૂપ શિક્ષણાત્મક પગલાં લેવાની માંગણી પણ દશેય દિશાઓમાંથી ઊઠી છે તે વ્યાજબી છે.

# સ્મિત બુદ્ધા

**જીવન દર્શન**
**ચિરાગ એસ જાની**



આપણામાંના ઘણાને હાસ્યના ઈતિહાસ અને પ્રારંભની ખબર નથી, પરંતુ હાસ્યનો ઉપયોગ પૂર્વીય દેશોમાં હજારો વર્ષોથી કરવામાં આવે છે, ખાસ કરીને ભારતમાં, તેના જાણીતા સંસ્કૃત નામ - હાસ્યયોગ સાથે સકાયેલી છે. આપણામાંના સ્મિત બુદ્ધના હસતા ફોટો ઘર, ઑફિસ, કારમાં સુશોભન કરતી મૂર્તિઓ હોય છે. જો કે, તે સ્વાસ્થ્ય, સુખ, દીર્ઘાયુષ્ય અને સમૃદ્ધિને સૂચવે છે. જે ૧૦ મી સદીના ચીની સાધુ બૂદાય ચીનમાં હોટે નામના સંત હતા તે બાળકો અને ગરીબો દ્વારા પ્રિય હતા, જેમને તેઓ તેમના બોલાવી ને ચોખા અને મીઠાઈઓ આપતા હતા. તેઓ દરેક ગામની મુસાફરી કરતા તથા ગામના ખૂણે અથવા ચાર માર્ગ નજીક ઊભો રહી અને સંપૂર્ણ પણે હાસ્ય કરતા અને ક્યારેય નગરના લોકો સાથે વાતચીત હસતા – હસતા કરતા. ઘણા લોકો આનંદિત થયા હતા, તેમની સાથે જોડાયા અને થોડા દિવસોના નિયમિત ધોરણે હસવાનું શરૂ કર્યું. પછી સંત અન્ય ગામડાઓમાં મુસાફરી કરી અને ચમત્કારિક લાગે તેમ લોકોની તંદુરસ્તીમાં ભારે સુધારો થયો ત્યાર બાદ ગામમાં આમંત્રિત કરવાનું શરૂ કર્યું. તે દિવસોમાં, સુધારેલ તબીબી સુવિધાઓ ઉપલબ્ધ ન હોતી પરંતુ તેમની હાજરીથી લોકોના સ્વાસ્થ્યમાં સુધારો થયો હતો અને તેને દૈવી હોવાનું માનવામાં આવતું હતું ત્યારથી લોકોએ તેમને સ્મિત બુદ્ધ નામ આપ્યું. બુડાઈએ એક કવિતા લખી જેમાં તેમણે પોતાને મૈત્રેયાનું અવતાર જાહેર કર્યું, જે 'ફ્યુચર બુદ્ધ' તરીકે પણ ઓળખાય છે.

બુડાઈ મૂળ સંપ્રદાયની પૂજા અને સ્થાનિક દંતકથા માંથી તે પરંપરાગત રીતે એક સરળ ઝભ્ભો પહેર્યા પછી વધુ ચરબી સાથે સાધુ તરીકે દર્શાવવામાં આવે છે. તે ગરીબ હોવા છતાં, સામગ્રીમાં કાપડમાં તેમની થોડી સંપત્તિ સાથે રાખતા. તેમની આકૃતિ ચીની સંસ્કૃતિમાં સંતોષ અને વિપુલતા બંનેના પ્રતિનિધિત્વ તરીકે દેખાય છે જે ઝેન પેન્થેનમાં સમાવવામાં આવ્યું હતું. લેમ્પના ઈતિહાસમાંથી ૧૨ મી સદીના મધ્યભાગમાં ટ્રાન્સમિશન કાયદેસરતા માટે પિતૃપ્રધાન વંશ પર આધાર રાખતો ન હતો, પરંતુ ચાન પરંપરાના 'જાગૃતિ' અને ચેનને મોટી મંડળમાં ફેલાવવાના વિચારને સમર્થન આપવાની નવી પ્રતિબદ્ધતાને સમજાવવા માટે વિવિધ લોકવીર વ્યક્તિઓના વિશિષ્ટ વ્યક્તિત્વ અને ગુણોનો ઉપયોગ કરે છે. ૧૩ મી સદીની આસપાસ ઝેન બૌદ્ધ ધર્મ જાપાનમાં પ્રસારિત થયા પછી, આ ક્ષેત્રના ભક્તો અને મૂર્તિઓએ ઝેન આર્ટના આ 'જાગૃતિ' સમયગાળાના મધ્યમાં અક્ષરોને ચિત્રણ કરવા કર્યોરત હતો. સમય જતાં, બુડાઈ ચીન અને જાપાનમાં ઝેન બૌદ્ધવાદમાં લોકપ્રિય ભક્તિનો વિષય બની ગયો હતો. તેના તેમના મોટા ઉઝરડા પેટ અને આનંદી સ્મિત તેમને સામાન્ય હાસ્ય 'સ્મિત બુદ્ધ' આપે છે. અને તે જાપાનના સાત લકી ગોડ્સમાં વિપુલતા અને સારા સ્વાસ્થ્ય માટેનો સમાવેશ કરે છે. આજના સ્મિત બુદ્ધા મૂર્તિઓની ચોક્કસ ઐતિહાસિક ઉદ્દીપનની ખાતરી નથી, પરંતુ ચીની કલા અને શિલ્પમાં બોદાઈની કલ્પના ૧૫ મી સદીમાં પૉપિંગ શરૂ થઈ હતી. વૈશ્વિક વેપાર ૧૬ અને ૧૭ મી સદીના અંતમાં વિસ્તૃત થવાનું શરૂ થયુ જે સ્મિત બુદ્ધમાં ફેરવાયું.

સ્મિત બુદ્ધા એટલે શું ?

માથા પર ફેન ટોપી સાથે બેઠા સ્મિત બુદ્ધા સારા નસીબનું પ્રતિનિધિત્વ કરે છે. બુદ્ધ પોતાના હાથ સાથે એક સોનાની ચામડી પકડીને સમૃદ્ધ સંપત્તિ અને સારા નસીબનું પ્રતીક છે. એક તરફ એક ચાહક સાથે બુદ્ધ અને બીજી તરફ આશીર્વાદ સારા સ્વાસ્થ્ય લાવે છે. બુદ્ધ તેના જમણા ખભા પર આશીર્વાદની એક થેલી લઈને અને તેના ડાબા હાથમાં ચાહક માટે રક્ષણ આપે છે. (ક્રમશઃ)

# ભૂલાં પડેલાં મૃગજળ - એક પાદરીના દિવ્ય પ્રેમની કથા

**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**



ગુજરાતી નવલકથામાં આજે ઘણા પરિવર્તન થઈ રહ્યા છે. સાહિત્યિક મૂલ્યને બદલે લોકમૂલ્ય વિશેષ બની રહ્યું છે ત્યારે મૂળ ભારતીય પરંતુ વર્ષોથી અમેરિકા સ્થાયી થયેલા ડૉ. નવીન વિભાકર એક બૃહદ કથાનક ધરાવતી માત્ર ૧૬૦ પેઈજની નવલકથા 'ભૂલા પડેલાં મૃગજળ' લઈને આપણી સામે આવે છે.

નવલકથાનો પ્રારંભ કોઈ મોટી ફિલ્મનું પહેલું દશ્ય હોય એ રીતે થાય છે. રાજસ્થાન અને ગુજરાતની સરહદે આવેલું રણ, એની આસપાસના એક ગામ ભીલાડીની ભવ્ય હવેલી અને હવેલીમાં રહેલી 'કસુંબા' ભીલ, તેનાથી ૧૫-૧૮ વર્ષ મોટા આશાભાલ સાથેના લગ્ન અને આ આશાભીલ આખી જાતિના સરદાર, પરંતુ લેખક કહે છે કે ભીલ જાતિમાં પણ લગ્નેત્તર સંબંધો સહેજ હોય છે. એમ કહીને હવેલીમાં 'રણમલ' નામના યુવાન પાત્રને પ્રવેશ કરાવે છે. જેની ઉમર કસુંબા ભીલની ૧૫-૧૭ વર્ષ નાની એટલે કે ૨૨ વર્ષની છે. પરંતુ આ જ રણમલ આ જ ગામમાં આઠ વર્ષ બાદ 'હવેલીમાં ફાધર રાલ્ફ' બનીને આવે છે. તેણે ખ્રિસ્તી ધર્મ અપનાવી લીધો છે. એ પૂર્ણ રીતે એમાં ડૂબી ગયો છે. પહેલી જ વખત ૪૦ વર્ષની કસુંબા ૨૨ વર્ષના રણમલને વાસનારૂપે જૂએ છે. સંવાદ પણ કરે છે પરંતુ સજ્જન રણમલ 'આ દેહ તો પ્રભુને સમર્પિત થઈ ગયો છે.' કહીને વાસનાને ઠૂકરાવી દે છે. પરંતુ થોડા વર્ષો પછી કસુંબા ૫૦ના રણમલ (ફાધર રાલ્ફ) ત્રીસેક વર્ષનો યુવાન જયારે પોતાના આ ગામમાં - હવેલી દુર્ગાવાસમાં આવે છે ત્યારે હવેલીમાં કામ કરતી દાસી જમના પણ પહેલા તો નથી ઓળખી શકતી - પછી કસુંબા રણમલને અંદર લઈજાય છે અહીં બંને વચ્ચેના સંવાદ એકદમ માર્મિક અને અર્થસભર બન્યા છે. ફાધર રાલ્ફ એક જ શબ્દમાં પોતાની વાત કસુંબાને સમજાવી દે છે 'બા, પીઢતા તો મનની હોય ને - દેહની નહીં,' તો સામે કસુંબા પણ ફાધરને કહી દે છે કે, 'આશોજી તો મને એકલી મૂકીને પાંચ વર્ષ પહેલા જ સીધાવી ગયા અને પુત્રને પણ કોલેરા ભરખી ગયો.' એમ કહી ફાધર રાલ્ફને પોતાની તરફ ખેંચવા પ્રયત્ન કરે છે. પરંતુ અસફળ રહે છે.

પરંતુ અહીં કેટલીક ઘટના અવાસ્તવિક લાગે છે. ગામડામાં અચાનક લાગતી આગ આપણી સામે અનેક પ્રશ્નો ખડા કરે છે. આગનું આ આખું દશ્ય કૃતક લાગે છે. કેમ કે એકબાજુ જંગલ અને બીજી બાજુ રણ હોય એવું એકેય ગામડું સ્મરણમાં હોવાનું નથી. વળી ગુજરાતમાં આવી રીતે આગ લાગે અને તે ફેલાય તેવું હવામાન કે વાતાવરણ પણ નથી. આ આગમાં થતું કાનોજીનું મૃત્યુ અને પછી વરસાદના ઝાપટાની આગનું ઓલવાવું પણ આયાસી લાગે છે.

તો વળી બીજી તરફ રૂમમાં થતી ફાધર રાલ્ફ અને દિવાળીની મુલાકાત, દિવાળીનું ફરીથી ફાધર માટે વાસનાગ્રસ્ત થઈ ફાધરને ચૂમવા પરંતુ ફાધરનો સંયમ નવલકથાને એક ભાવાત્મક ઊંચાઈ આપે છે.

આ ઘટનાઓ આગળ વધતા ભીલાડીમાં ઓસ્ટ્રેલિયામાં ઘેટાના ઊનનું ભણીને આવેલી માન્યા અને મેરામણનું થતું નદીમાં રોમેન્ટિક મિલન - ચુંબન, બીજી તરફ દીપા અને જયકિશનનું નજીક આવવું - ત્રીજી તરફ ફાધર રાલ્ફનું બિશપ રાલ્ફ બનવું - દીપા જયકિશનના સાદાઈથી થતા લગ્ન - પાર્ટી અને તરત જ થોડા સમયમાં બંને વચ્ચે બદલાતા ભાવ અને વ્યવહાર નવલકથાની ગતિને ખૂબ ઝડપથી આગળ વધારે છે. તો આ તરફ એથેન્સની ગલીઓમાં વિરહતા બિશપ રાલ્ફના મનમાં ધીરે ધીરે મહેકતી દિવાળીની યાદો અને તેમનું મનોમંથન પણ જાણે આગામી ઘટનાઓની આગાહી કરતું હોય એવું લાગે છે.

આ બધી ઘટનાઓ ખુબ જ ઝડપથી બને છે લેખક ખુબ ઝડપથી આ બધા પ્રસંગો ઉપર પોતાનો કેમેરો ફેરવે છે. નીલનું ઈટલીમાં પાદરી થવું, માધુરીનું પ્રેમલગ્ન આ બધું નવલકથાને ગતિ આપે છે.

પ્રકરણ-૧૬ ની આરંભે જ ઈટાલી-રોમથી ગ્રીસ વચ્ચેના શહેરોની (પૃ. ૧૩૭) યાદી, આખું જીવંત વાતાવરણ આપી દે છે. વાચક ખુદ રોમની ગલીઓમાં નીલ સાથે ફરતો હોય એવી અનુભૂતિ થયા વિના રહેતી નથી. જો કે અંત સમુદ્રમાં નીલનું થતું મૃત્યુ એકદમ નાટકીય લાગે છે. એના મૃતદેહને ભીલાડી લાવવો, રાલ્ફ અને દિવાળી વચ્ચે નીલ એ રાલ્ફનો પુત્ર હોવાનો થતો ઘટસ્ફોટ, અંતે રાલ્ફનું પણ મૃત્યુ. માધુરીનું મુંબઈ જતા રહેતું અંતે દિવાળીનું પણ ફેફસાના કેન્સરમાં થતું મૃત્યુ અને અંતે ભિલાડીની હવેલીનો ઉત્તરાધિકારી માધુરીના ઉદરમાં હોવાની વાત આ કથાને ફરીથી નવેસરથી વિસ્તરવા જાણે કે આહવાન કરી રહી હોય એવું લાગે છે.

આમ ખુબ જ પ્રચૂર ઘટનાઓ, સ્વચ્છ ભાષા અને સંવેદનાત્મક કથા લઈને લેખક ભાવકોને એક નવી જ દુનિયામાં ખેંચી જાય છે. અહીં બધું ચિત્રાત્મક છે, દશ્યો બધા નજર સમક્ષ ભજવાય છે. કથા એકદમ તીવ્ર ગતિએ આગળ વધે છે. ૬૦૦ પાનાની કથાને લેખકે ખુબ સંયમથી માત્ર ૧૬૦ જેટલા પૃષ્ઠોમાં સમેટી લીધી છે. વળી ગુજરાતી નવલકથાઓમાં ખ્રિસ્તી ધર્મ અને તેમની આખી જીવંત પરંપરા પહેલી વખત પ્રગટ થાય છે. લેખક ખુદ વિશ્વ પ્રવાસી હોવાથી તેમણે કરેલા પ્રયાસો અને અનુભવોનો લાભ પાઠકોને જરૂર મળી રહે છે. કથાને શૈલીની રીતે જોઈએ તો કથા અનેક બિંદુઓથી આરંભાઈને એક બિંદુ તરફ ગતિ કરીને અંત પામે છે. એક સાથે ત્રણ ચાર આટલા ઓછા પૃષ્ઠોમાં સમેટી ને લેખકે એમની કલાત્મકતાનો પરિચય આપ્યો છે. વળી એક પાદરી અને સ્ત્રીની પ્રેમ કથાને આટલી સંવેદનાત્મક રીતે આલેખવી ખુબ અઘરી છે. ભાષા, ભાવ અને બાહ્ય વર્ણનોની કોઈ પણ જાતની છૂટ લીધા વિના લેખક એક મર્યાદા રાખીને આગળ વધી પાદરી જેવા ઉચ્ચ ધાર્મિક પરંપરાઓમાં બંધાયેલા પાત્રનું એક સ્ત્રી સાથે થતું શારીરિક મિલન પણ આધ્યાત્મિક અને પવિત્રતાની પરિભાષાએ લઈ જવામાં લેખક સફળ રહ્યા છે. અહીં લેખકને શૃંગારિક ભાષા અને બાહ્ય ચેષ્ટાઓ લખવાની અનેક તક હોવા છતાંય સંયમ રાખી એમણે દરેક પ્રસંગોને કલાત્મક રીતે નિરુપ્યા છે. આ નવલકથા જો થોડી લંબાણપૂર્વક અને ધીમી ગતિએ લખાઈ હોત તો ગુજરાતી ભાષાની એક કલાસિક નવલકથા બની શકી હોત એમાં કોઈ શંકા નથી.

# હું નરેન્દ્ર દામોદરદાસ મોદી : ભાગ ૨...!

**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**





વર્ષ ૧૯૭૧ ની લોકસભા ચૂંટણીમાં વિપક્ષોનો નારો હતો 'ઈન્દિરા હટાવો', તો સામે ઈન્દિરાએ ગરીબી હટાઓ નો નારો આપીને જડબેસલાક ૩૫૧ સીટની બહુમતી હાસિલ કરેલી. વર્ષ ૨૦૧૯... સિનારિયો લગભગ સરખો જ હતો કે જયારે એકબાજુ વિપક્ષો (બહાર બહારથી) એક થઈને એક જ મુદ્દા પર ચૂંટણી લડી રહ્યા હતા અને એ મુદ્દો હતો 'મોદી હટાવો'...! તો સામે છેડે મોદીએ ગરીબી, ભ્રષ્ટાચાર અને વંશવાદ હટાવવાની વાતની સાથે સાથે એક અહમ મુદ્દો રાષ્ટ્રવાદનો ભરપુર પ્રચાર કર્યો અને ૨૩ તારીખે આવેલા પરિણામોએ સિદ્ધ કરી દીધું કે મોદી વિરુદ્ધ બાકીની પાર્ટીની આ લડાઈ નરેન્દ્ર મોદીએ ઓલમોસ્ટ વનસાઈડેડ રીતે અને અભૂતપૂર્વ કહી શકાય એવી બહુમતીથી જીતી બતાવી..! ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ આવું જ હતું, ત્યારે પણ મુદ્દો તો મોદી જ હતા પણ ત્યારે વિપક્ષોની આવી ઘેરાબંધી ઓછી હતી. આ વખતે તો સપા, બસપા અને કોંગ્રેસ પણ મોદી પર આક્રમક પ્રહારો કરવામાં આગળ હતા. ૨૦૧૪મા ૪૦ આસપાસ સમેટાઈ ગયેલી કોંગ્રેસ અસ્તિત્વની ઓલમોસ્ટ આખરી ગણી શકાય એવી આ ૨૦૧૯ની લડાઈમાં કોઈ કસર બાકી રહેવા દેવા નહોતી માંગતી અને એના નિશાના પર હતા એકમાત્ર નરેન્દ્ર મોદી...!

ગુજરાતના શાસનકાળ વખતનો મોદીનો ઈતિહાસ કહે છે કે મોદી મુશ્કેલીઓમાંથી વધુ તાકાતથી બહાર આવે છે. પોતાના પર ફેંકાતા પથ્થરની સીડી બનાવીને ઉપર ચડવાની એમની કાબેલીયતને ગુજરાતીઓ તો ભલીભાંતિ જાણે જ છે પણ ૨૦૧૪ અને હવે ૨૦૧૯ના પરિણામોએ એ વાત પ્રૂવ કરી આપી છે કે મોદીને હરાવવા એટલીસ્ટ નજીકના ભવિષ્યમાં તો શક્ય છે જ નહિ. અને એનું કારણ ૨૦૧૯ના પરિણામો પર નજર કરશો તો તરત સમજાઈ જશે. સમાજનો કોઈવર્ગ બાકી નથી કે જેણે મોદીને મત ના આપ્યા હોય. વિપક્ષોએ કિસાનો, યુવાનો, લઘુમતીઓ અને મધ્યમવર્ગને ભડકાવવામાં કોઈ કસર બાકી રાખી નહોતી છતાં પણ લગભગ ૫૦% ની આસપાસ વોટશેર મેળવીને મોદી મેજિક છવાઈ ગયું એની પાછળનું એકમાત્ર કારણ મોદી તો છે જ પણ જે વસ્તુ વિપક્ષો અને દેશના સો કોલ્ડ બુદ્ધિજીવીઓ ને નહોતી દેખાતી એ પ્રજાનો મોદી પર વિશ્વાસ પણ છે.

અને વિશ્વાસ પણ કેવો ? 'મોદી હૈ તો મુમકીન હૈ' નો નારો નહિ પણ આમજનતાના હદયના ધબકારનો પડઘો આ સૂત્રમાં પડતો હતો. એરસ્ટ્રાઈક પછી દેશમાં મોદી પર આતંકવાદ મામલે પ્રજાની વિશ્વસનીયતા વધી હતી એ હકીકત છે. વિપક્ષો ભલે એમ કહેતા ફરે કે મોદીએ એરસ્ટ્રાઈકનો મુદ્દો ચૂંટણીમાં ચગાવેલો પણ હકીકત એ છે કે પ્રજામાં સ્વયંભુ જ એ વાત ઘર કરી ગયેલી કે આતંકવાદ વિરુદ્ધ જો કોઈ કડક અને કઠોર વલણ આપનાવી શકે એમ છે તો એ મોદી જ છે. 'ચોકીદાર ચોર હૈ' જેવા મનઘડત વિપક્ષી નારાઓ એટલા માટે બુમરેંગ થયા કે પ્રજાને આ ચોકીદાર દેશની સરહદોની વધુ સારી રક્ષા કરી શકશે એવું ડે વન થી જ લાગી ગયેલું. મોદી જનતાને એ સંદેશ આપવામાં સફળ રહ્યા કે એમની સરકાર આતંકવાદ પર ઝીરો ટોલરન્સની નીતિ ધરાવે છે અને યુનોમાં મસુદ અઝહર બાબતની જીત હોય કે અભિનંદનને ૪૮ કલાકમાં પાકિસ્તાનમાંથી છોડાવવાની વાત હોય જનતાએ અગાઉ દેશમાં થયેલા આતંકી હુમલાઓ વખતે જે તે સરકારનું વલણ અને મોદી સરકારના એક્શનની તુલના કર્યા પછી પ્રજાને વિશ્વાસ બેસી ગયેલો કે અગાઉની સરકારો કરતા મોદી સરકાર આ બાબતે વધુ ચોક્કસ અને દમદાર છે.

૨૦૧૯ના પરિણામો વિપક્ષો અને ૧૦૦ વર્ષથી પણ જૂની કોંગ્રેસ માટે મરણતોલ તો છે જ પણ આ પરિણામો ભારતમાં લડાતી પરંપરાગત ચૂંટણીઓની અનેક માન્યાતાઓની છેદ ઉડાડનાર પણ છે જ. સૌપ્રથમ તો આ પરિણામોએ વંશવાદને સજ્જડ જાકરો આપી દીધો છે. ખુદ રાહુલ ગાંધી, સિંધિયા સહીત અનેકો પોતાની જાગીર સમજતી સીટો પરથી હારી ગયા છે. ૨૦૧૪માં હાર મળ્યા પછી પણ અમેઠીમાં રહીને લોકોનો પ્યાર જીતવામાં કામિયાબ રહેલી સ્મૃતિ ઈરાની મારા હિસાબે મોદી મેજિક અને અમિત શાહની કુશળ રણનીતિ પછીથી આ ચૂંટણીની એક મોટી હાઈલાઈટ કહી શકાય. ૨૦૧૯ના પરિણામોએ સાવ તો નહિ પણ એક મોટા પ્રમાણમાં જાતીવાદી રાજકારણને જાકારો આપેલો છે. યુપી અને બિહાર જેવા પ્રદેશોમાં કે જ્યાં જાતિવાદ જ ચૂંટણીનું હથિયાર હોય છે એવામાં ભાજપ અને સાથીપક્ષોએ લગભગ બધી જ જાતિઓના મત મેળવીને ' સબ કા સાથ સબ કા વિકાસ ' સુત્રને સાર્થક કર્યું છે. જાતીવાદના હલેસે ચુંટણીનો મહાસાગર પાર કરવા નીકળેલ મહાગઠબંધનની નૌકા મોદી-અમિત શાહની માર્કેટિંગ – મહેનત અને મેનેજમેન્ટની સુનામીમાં મધદરિયે ગરકાવ થઈ ગયેલ છે. જાતિવાદને જાકારાનો આ મેંડેટ ભારતના ભવિષ્ય માટે અમુલ્ય છે.

છેક છેલ્લે સુધી વડાપ્રધાન થવાના સપના જોનાર અને અંદરખાને એકમેકથી વિપરીત એવા વિપક્ષો ઓલમોસ્ટ નબળા તો હતા જ એમાં એમણે પ્રજાના મૂળભૂત પ્રશ્નો ઉઠાવવાને બદલે બીજા પ્રશ્નો અને રાફેલ કે બાલાકોટના પુરાવા માંગવા કે મોદીને ગાળો આપવી – અપમાનિત કરવાથી લઈને જેલમાં બંધ કરી દઈશું એવી વાહિયાત ભૂલો પર ભૂલો દોહરાવ્યા કરી. પ્રજાનું મન કઈ બાજુ છે એની તપાસ કર્યા વગર અને કોઈ ઠોસ કાર્યક્રમો કે નીતિઓ વગર માત્રને માત્ર મોદી હટાવો કેમ્પેન ચલાવ્યું. એમાયે કોંગ્રેસ તો આત્મમંથન પણ કરી શકે એમ નથી કેમકે હજુ ચાર મહિના પહેલા જે ત્રણ રાજ્યોમાં સરકાર બનાવેલી, અરે જે ગુજરાતમાં પણ વિધાનસભામાં સારો દેખાવ કરેલો એ બધા જ રાજ્યોમાં એના સુપડા સાફ થઈ ગયા ત્યાં સુધી કુંભકર્ણની નિંદ્રામાં અને રાહુલભાઈ ની નિશ્રામાં 'મોદી તો ગયો ભાયા' ના ગેલમાં ગુલતાન રહી. કોઈ નક્કર કાર્યક્રમ કે નીતિઓ વગર માત્રને માત્ર જુઠને સહારે વૈતરણી પાર કરવા નીકળેલી કોંગ્રેસ ખુદ પોતાના લીડરની સીટ પણ બચાવી ના શકી.

વિપક્ષોની આવી કરારી હાર પાછળ અમિત શાહ- મોદીની અનુભવી રણનીતિ અને ભાજપના કરોડો કાર્યકરોની અથાગ મહેનત જ છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. ૨૦૧૪માં સત્તામાં આવ્યા પછીથી મોદી-શાહની જોડીએ ભાજપના વિસ્તારની જે યોજનાઓ બનાવેલી એનું ફળ ૨૦૧૯મા મળ્યું છે અને એનું મોટું ઉદાહરણ બંગાળ છે. સરમુખત્યાર મમતાના ગઢમાં અને જનુની ટીએમસી કાર્યકરો સાથે બાથ ભીડીને ભાજપે જે દેખાવ કર્યો છે તેના મૂળ ૨૦૧૪મા જ રોપાઈ ગયેલા એટલું જ નહિ પણ ૪ મહિના પહેલા ગુમાવેલા ત્રણ રાજયોમાં કલીન સ્વીપ કરવા પાછળ પણ મોદી-શાહ ની જોડીની રણનીતિઓ કામ કરી ગઈ છે.કર્ણાટક, અરુણાચલ જેવા બિન હિન્દી રાજયોમાં પણ ભાજપ પગપેસારો કરવામાં સફળ રહી છે.ચુંટણીમાં માત્ર મોદીના ચહેરાને આગળ કરવાની ચાલ વિપક્ષીઓ સમજી શક્યા નહિ એટલું જ નહિ પણ દેશભરમાં હારેલી સીટો પર કરેલી મહેનત અને હિન્દી હાર્ટલેન્ડમાં અભૂતપૂર્વ દેખાવ જાળવવાની સાથે સાથે નીતીશ અને શિવસેનાને સાથે રાખવાની ચાલ કામિયાબ થઈ છે. કાર્યકરોમાં ઉત્સાહ, ચૂંટણી પહેલા જ સંગઠન મજબુત કરવાથી લઈને અને ખાલી રેલીઓ કરીને સંતોષ માનવાને બદલે ઘેર ઘેર જઈને મતદારોને ખેચી લાવવા કે પ્રચાર કરવામાં આ જોડી ૨૦૧૯મા ફરી કિંગ સાબિત થઈ છે અને એનડીએના સાથી પક્ષો સહીત વિપક્ષો પણ એ વાત કબુલે છે કે ઈલેકશન ૨૦૧૯ની જીતના આ બે જ સાચા નાયક છે..!

જીત મળ્યા પછીની સાંજે બીજેપી મુખ્યાલયમાં જેમ મોદીએ કાર્યકરોને સંબોધતા કહ્યું એમ હવે પડકાર વધુ મોટો છે. નોટબંધી અને જીએસટીની નકારાત્મક અસરોમાં અટવાતા મધ્યમવર્ગને રાહત આપવી પ્રાથમિકતા રહેશે તો કિસાનો અને બેરોજગારો માટે પણ આ પાંચ વર્ષમાં કશુક નક્કર કરવું જ રહ્યું. પાછલા પાંચ વર્ષમાં સરકાર પર એક પણ આરોપ નથી લાગ્યો એ બરકરાર રાખવું પડશે. પાકિસ્તાન હવે સાનમાં સમજી જ ગયું છે છતાં પણ આતંકવાદ સામે સખ્તી ચાલુ રાખવી પડશે. જમ્મુ-કાશ્મીરમાંથી ૩૭૦મી કલમ રદ કરવા જેવા આકરા કદમો માટે તૈયાર રહેવું પડશે. દેશમાં સામાજિક સમરસતા બનાવી રાખવી પડશે. દેશમાં જ ખાઈને દેશનું જ ખોદતા તત્વો સામે કડક થવું પડશે. ટ્રીપલ તલાક, રામમંદિર જેવા વિવાદી મુદાઓનો હલ લાવવો પડશે. જંગી બહુમતીથી ફરીવાર આવેલ મોદી આ બધું કરવા શક્ય બધું જ કરી છૂટશે એ નક્કી છે. પ્રજાએ રાષ્ટ્રવાદ અને વિકાસની રાજનીતિને મત આપ્યા છે ત્યારે નરેન્દ્રભાઈની આ બીજી ઈનિંગ અનેકો નવી દિશાઓ ખોલીને, નવા પડકારો પાર કરીને ભારતને મહાસત્તા બનવા તરફ લઈ જશે એવી ભારતના કરોડો નાગરિકોને આશા અને વિશ્વાસ છે.

**વિસામો :**

"જો તમે ચર્ચગેટ મુંબઈથી ઉત્તર ભારત બાજુ જવા ટ્રેનમાં બેસો તો પહેલો બિનભાજપી સંસદસભ્ય છેક પંજાબમાં જોવા મળશે"

**- એક વોટ્સએપ ચબરાકિયું**